# મોડાસા વન વિભાગમાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચારની ગંધ


(તસવીર : સમીર બલોચ, મોડાસા)



મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લાના મોડાસા વન વિભાગ ધ્વારા લાખો રૂપિયાના ખર્ચે જંગલની જમીન ફરતે બાઉન્ડ્રી બાંધવાનું કામ ખાનગી કોન્ટ્રાક્ટર ધ્વારા કરવામાં આવી રહ્યું છે આ કામમાં સંપૂર્ણ રીતે હલકી કક્ષાનું માંતેરીયાલ્સ વારવામાં આવી રહ્યું હોવાથી ઉચ્ચ અધિકારીઓ ધ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવે તો અધિકારીઓની મિલીભગતનું ડીંડવાનું બહાર આવે તેમ છે

અરવલ્લી જીલ્લા ના મોડાસાના ગણેશપુર વિસ્તાર માં આવેલી જંગલ ની જમીન ફરતે ૨૨૦૦ મીટર લંબાઈ વાડી બાઉન્ડ્રી બનવાનું કામ વન વિભાગે ખાનગી કોન્ટ્રાક્ટરને આપી રૂપિયા ૫૨ લાખ ખર્ચવામાં આવી રહ્યા છે શરૂઆતથી જ આ કામ બાબતે અનેક વિવાદ ઉભા થયા છે આ કામ હલકી ગુણવત્તા વાળું અને નીતિનિયમ મુજબ ન થતું હોવાથી અગાઉ જીલ્લા કલેકટર ધ્વારા કામ બંધ કરાવાયું હતું અધિકારીઓ અને કોન્ટ્રાકટરે ફરીથી આ કામ શરુ કર્યું છે ત્યારે ફરીથી આજ પ્રકાર નો વિવાદ ઉભો થયો છે

મોડાસા માં વન વિભાગ ધ્વારા ૫૨ લાખ જેવી માતબર રકમ ખર્ચી બાઉન્ડ્રી બનાવામાં આવી રહી છે તેમાં ગુણવત્તા વિહીન કામ ચાલી રહ્યું છે તેથી પ્રજા ના પૈસા નું પાણી થઈ રહ્યું છે અને આવી કામગીરી થી જે આશય થી કામ કરવાનું હતું તે સિદ્ધ નહિ થાય આ મામલે ઉચ્ચ અધિકારીઓ ધ્વારા તપાસ હાથ ધરવામાં આવે તો મસમોટું કૌભાંડ બહાર આવે તેવી શકયતાઓ દેખાઈ રહી છે

મામલે અધિકારીઓ પણ કોન્ટ્રકટર ની તરફેણ કરતા હોય તેમ રજૂઆત ના પગલે તપાસ કરીશું તેવું કહી નરોવા કુંજરોવા ની નીતિ અપનાવી હતી અને પોતે આંખ આડા કાન કરતા હોય તેમ પ્રજા ના પૈસા ની કોઈ અહેમિયત જ ના હોય તેમ કોન્ટ્રાકટર ને છાવરી રહ્યા છે

એક બાજુ સરકાર ધ્વારા વિકાસની વાતો કરી બણગા ફુકવામાં આવી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા સહેરમાં વન વિભાગ ધ્વારા નર્યો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનું દેખાઈ આવે છે ત્યારે વિજીલન્સ તપાસ કરવામાં આવે તો અધિકારીઓની મિલીભગત બહાર આવે તેમ છે

# આજે મેઘરજમાં મુખ્યમંત્રીના હસ્તે વિકાસ કામોનું ભૂમિપૂજન કરાશે

## વાત્રક અને માઝૂમ જળાશય આધારિત બહુહેતુક યોજનાથી અરવલ્લી જિલ્લાના પાંચ તાલુકાના ૫૦૧ ગામો તથા ૩ શહેરોના ૨.૨૫ લાખ લોકોને યોજનાનો લાભ મળશે

મોડાસા, તા. ૨૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તા. ૨૨ મે શુક્રવારના રોજ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કુંભેરા ગામે પાણીપુરવઠા વિભાગ હસ્તકની અરવલ્લી જિલ્લ માટેની વાત્રક અને માઝૂમ જળાશય અધારીત રૂ. ૫૧૭ કરોડના ખર્ચે તૈયાર થનાર બહુહેતૂક પાણી પુરવઠા યોજનાનું ભૂમિપૂજન કરશે.

આ યોજના થકી અરવલ્લી જિલ્લાના મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ અને ધનસુરા સહિતના ૬ તાલુકાના ૫૦૧ ગામો અને ૩ શહેરના ૨.૨૫ લાખ જેટલા લોકોને લાભ થશે. લગભગ ૧૫૦૦ કિલોમીટર લંબાઈનું વિશાળ વિતરક નેટર્વક ધરાવતી આ યોજનાથી આ વિસ્તારના પીવાના પાણીની સમસ્યાનો કાયમી અંત આવશે.

કાર્યક્રમમાં વન અને પર્યાવરણ તથા આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, વાહન વ્યહવાર, પાણી પુરવઠા તથા શ્રમ અને રોજગાર મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજયમંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલ, પ્રવાસન મંત્રી જયેશભાઈ રાદડીયા તથા અરવલ્લલી જિલ્લા સાસંદ શ્રી દિપસિંહ રાઠોડ ઉપસ્થિત રહેશે.

# મોડાસા ટાઉન પોલીસે ટ્રાફિકની સમસ્યા દૂર કરવા કવાયત હાથ ધરી

## શહેરના મુખ્ય માર્ગો પર અવરોધરૂપ વાહનો અને શાકભાજીની લારીઓ હટાવતા માર્ગો ખુલ્લા થયા

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં જિલ્લાનુ વડુમથક બન્યા પછી ટ્રાફિકમાં એકાએક વધારો જોવા મળી રહ્યો છે. સરકારી કામકાજ અર્થે ાવનાર જિલ્લાના પ્રજાજનો અને મોડાસા શહેમરાં વહેલી સવારથી ખરીદી કરવા ઉમટી પડતા જિલ્લાવાસીઓ પોતાના ખાનગી વાહનો મોડાસા શહેરના મુખ્ય માર્ગ પર આડેધડ પાર્કિંગ કરીને જતા રહેતા હોવાથી અને મુખ્ય માર્ગો પર શાકભાજીની લારીઓવાળા દ્વારા મુખ્ય માર્ગો પર ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી ઉભા રહેતા હોવાથી મોડાસા શહેરમાં શહેરીજનો માટે ટ્રાફિકની સમસ્યા માથાના દુખાવા સમાન બની ગઈ છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

ત્યારે મોડાસા શહેરની મોડાસા ટાઉન પોલીસ દ્વારા છેલ્લા બે દિવસથી શહેરના મુખ્ય માર્ગો પર આડેધડ પાર્કિંગ કરીનો જતા રહેતા વાહનચાલકો, શહેરના ચાર રસ્તા, ડિપ વિસ્તાર અને બસસ્ટેન્ડ રોડ પર ગેરકાયદેસર પાર્ક કરી ઉભા રહેતા જીપ, છકડાઓને હટાવવાની કામગીરી દ્વારા ટ્રાફિકની સમસ્યા હલ કરવા પ્રયત્નોથી શહેરના મુખ્ય માર્ગો ખુલ્લા બન્યા છે. મોડાસા ટાઉન પોલીસ પી.આઈ. કે.જે. ચૌધરી અને પોલીસ જવાનોએ આજે વહેલી સવારથી જ બસસ્ટેન્ડથી ડિપ વિસ્તાર સુધીના મુખ્યમાર્ગો પર ગેરકાયદેસર અડ્ડો જમાવી શાકભાજીની લારીઓનો ખડકલો કરી દેતા ફેરીયાઓને ભગાડી મુક્યા હતા. વહેલી સવારથી જ પોલીસની કામગીરી સખ્ત બનતાં મુખ્યમાર્ગો પરથી લારીઓવાળા ગાયબ થઈ ગયા હતા. જ્યારે કેટલાક લારીઓવાળાઓએ મુખ્યમાર્ગ પરથી પોલીસની દંડાત્મક કાર્યવાહિથી નાસભાગ કરી મુકી હતી. છેલ્લા બે દિવસથી મોડાસા શહેરના મુખ્યમાર્ગો ખુલ્લા બનતાં શહેરીજનોમાં આનંદ છવાયો હતો.

મોડાસા જાગૃત નાગરિક દિપક પ્રજાપતિના જણાવ્યા અનુસાર મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યાથી નગરજનો અને બહારથી આવતા જિલ્લાવાસીઓ તોબા પોકારી ઉઠ્યા હતા ત્યારે મોડાસા ટાઉન પોલીસે ટ્રાફિકની સમસ્યા દૂર કરવા પગલા ભરતા આમ આદમીમાં આનંદ છવાયો છે. પરંતુ ટ્રાફિકની કામગીરી મેઘરજમાં રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવી રહ્યા હોવાથી તો નથી કરવામાં આવી રહી ને ? તેવા પ્રશ્નો લોકોમાં ચર્ચાતા જોવા મળ્યા હતા.

# મજરાની ડઝારો ફેકટરીમાં આખરે તંત્રની તપાસ શરૂ

## ત્રણ મહિના બાદ તંત્ર જાગ્યુ પણ ખેતરો પાક વગર બંજર : તંત્રે મોડું થયું ભુલ સ્વિકારી પણ ખેડૂતોને પાકનું વળતર ક્યારે મળશે તંત્ર દ્વારા અન્ય પાક તથા પડતર જમીનના નમૂના લીધા

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ મજરા ચોકડી ત્રણ રસ્તા પાસે આવેલ ડઝારો ઈકો ગ્રીન પ્રા.લી. ફેકટરી દ્વારા આજુબાજુમાં આવેલ ખેડૂતોના પાકને નુકશાની સામે નુકશાનીનું વળતર મેળવવા ખેડૂતો દ્વારા પ્રાંતિજ ગ્રાહક હિત મંડળ તથા તંત્રને વારંવાર ફરીયાદ પછી તંત્ર ત્રણ મહિના પછી ઉંઘમાંથી જાગ્યું છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ પાસે આવેલ ડઝારો ઈકો ગ્રીન પ્રા.લી. ફેકટરી કે જે સફેદ પાવડર ચૂનો રાખ અને કેમિકલ જેવા પદાર્થોદ્વારા બાજુમાં આવેલ ખેતીલાયક જમીનમાં ખેડૂતોએ વાવેલ શાકભાજી ફુલાવર, ભીંડા, ટામેટા જેવા પાકોને સંપૂર્ણ પણે નુકશાન થતાં ખેડૂતો દ્વારા ફેકટરીના માલિકને રજુઆતો કરવા છતાં કોઈ નિવેડો ના આવતાં આખરે ગ્રાહક હિત મંડળમાં રજુઆતો કરવામાં આવી હતી અને તંત્રમાં પણ ખેતરો માલિકો દ્વારા રજુઆતો કરી હતી. છતાં પ્રદૂષણ નિયંત્રણ આંખ આડે કાન કરીને બેઠેલ તંત્રએ પાપા પગલી પગલાં ભરતાં ડઝારો ફેકટરીમાંથી સેમ્પલો લીધાં હતા. જ્યારે જીલ્લા ખેતીતંત્ર ખેડૂતોની અરજી પછી ત્રણ મહિના પછી ઉંઘમાંથી જાગ્યુ હોય તેમ ખેડૂતોના ખેતરોમાં ટીમ સાથે સ્થળ ઉપર ઉમટી પડ્યા હતા. જ્યારે હાલ ખેતરો બળંજર પડતર હોવાથી શાકભાજીના પાકના કે છોડના સેમ્પલ ક્યાંથી મળે ત્યારે જાગ્યા પછી સવાર તેમ ખેતરોમાંથી માટીના તથા અન્ય જગ્યાએથી નવીન પાક વાવેલ ભીંડાના સેમ્પલો લેવામાં આવ્યા હતા. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે અગાઉ પ્રદુષણ નિયંત્રણ તંત્રએ સેમ્પલ લઈ નોટીસ પાઠવી સંતોષ માન્યો હોય તેમ જિલ્લા ખેતી અધિકારીઓ પણ ત્રણ મહિના પછીની મુલાકાત પણ નાટ્ય મહોત્સવ અને ફેકટરી માલિક અને તંત્રની મીલીભગત હોય તેવુ ખેડૂતો જણાઈ રહ્યા છે.

# અણીયોડની યુવતી ગુમ થતા પોલીસ ફરિયાદ

તાજપુરકેમ્પ, તા. ૨૧

તલોદ તાલુકાના અણીયોડ ગામની યુવતી ૩ દિવસ અગાઉ ઘરેથી ખેતરે જવાનુ કહી નીકળી હતી જે ઘરે પરત ન આવતા પરિવારજનો ચિંતિત બન્યા છે. અને ગુમ યુવતીની તલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ તાલુકામાં અણીયોડ ગામ આવેલુ છે. જ્યાં ખેત મજૂર તરીકે કામ કરતા ખેડૂતની યુવાન દિકરી આજથી બે દિવસ અગાઉ ઘરેથી ખેતરે જવાનુ કહી નીકળી હતી. મોડી રાત સુધી ઘરે પરત ન આવતા પરિવારજનોએ મોડી રાત સુધી શોધખોળ કરી હતી. જો કે યુવતીની કોઈ ભાળ ન મળતા આ અંગે ગુમ યુવતીના પિતાએ તલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ જાણવા જોગ નોંધી ગુમ યુવતીની શોધખોળ હાથ ધરી છે.

# ખંભીસરના શિક્ષણવિદનું રાજયપાલના હસ્તે સન્માન



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામના નિવૃત્ત આચાર્ય અને સરડોઈ ગામના વતની શિક્ષણવિદ્ મોતીભાઈ ભગવાનભાઈ નાયકનું ગુજરાત રાજયના રાજયપાલ ઓ.પી. કોહલીના હસ્તે યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલ ઈડર ખાતે શિક્ષણ અને લોક કલા આધારિત કરેલ શૈક્ષણિક પ્રયોગોને બિરદાવતા તા. ૯ મે ના રોજ સન્માન કરી પ્રશસ્તિપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

# મોડાસાના રાજેન્દ્રનગર નજીક આડાના જંગલમાં ભિષણ આગ

## વન વિભાગ અને ગ્રામજનોના સહિયારા પ્રયાસથી આગ પર કાબુ મેળવાયો

મોડાસા, તા. ૨૧

મોડાસાથી ૧૪ કિ.મી. અંતરે આવેલા રાજેન્દ્રનગર ગામ નજીક કુદરતી સંપત્તિથી છલોછલ ૭ કિ.મી. વનરાજીથી પથરાયેલા લાંબા અને આડાના જંગલ તરીકે જાણીતા વિશાળ જંગલમાં મંગળવારે સાંજના સુમારે અગમ્ય કારણોસર આગ લાગતાં બે ડુંગરો વચ્ચેના અસંખ્ય વૃક્ષો બળીને ખાખ થઈ ગયા હતા.


(તસવીર : જય અમીન, મોડાસા)



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના અને અરવલ્લી જિલ્લાની શરહદ પર આવેલા રાજેન્દ્રનગર ગામ નજીક ૭ કિ.મી. લાંબા અને આડાના વિશાળ જંગલો આવેલા છે. રાજેન્દ્રનગર ગામ ડુંગરની તળેટીમાં વસેલુ ગામ છે. રાજેન્દ્રનગર ગામની નજીક સાત કિલોમીટર લાંબુ વિશાળ અને ડુંગરોની નયનરમ્ય વનરાજી ધરાવતુ જંગલ છે. આ જંગલમાં જાણે કુદરતે ખોબેખોબા ભરીને સુંદરતા આપી હોય તેમ ૭ કિમી વિસ્તારમાં જંગલમાં વૃક્ષોથી આચ્છાદિત અને છલોછલ હરિયાળીવાળા ડુંગરો જોવા મળે છે. આ જંગલમાં મંગળવારે સાંજના પાંચેક વાગ્યાના સુમારે અગ્નિની જ્વાળાઓ સહિત ધુમાડાના ગોટેગોટા દેખાતાં જંગલમાં આગ ફાટી નીકળ્યાનું જાણવા મળ્યું હતું. અગમ્ય કારણોસર લાગેલી ભિષણ આગથી જંગલમાં રહેલા કેટલાય વૃક્ષો બળીને ખાખ થઈ ગયા હતા. આડાના જંગલમાં ભિષણ આગ લાગવાની ઘટનાની જાણ વન વિભાગને થતાં વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ગામ નજીક બાલ સમુદ્ર ડેમની પાળથી માંડી પૂર્વ દિશાના ડુંગર સુધી આગ પ્રસરી જતાં ગ્રામજનોની મદદથી આગને કાબુમાં લેવા ભારે પ્રયત્નો હાથ ધર્યા હતા. પરંતુ રાજેન્દ્રનગરના આડાના જંગલોમાં લાગેલી ભિષણ આગ કાબુમાં લેવાના પ્રયત્નો શરૂઆતમાં નિષ્ફળ રહેતા વન વિભાગના અધિકારીઓ પણ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. પરંતુ રાજેન્દ્રનગરના ગ્રામજનોએ અને અધિકારીઓ પાણીનો છંટકાવ કરી ધીરે ધીરે આગ પર કાબુ મેળવવાના પ્રયત્નો સફળ થયા હોય તેમ આગ દેખાતી બંધ થઈ ગઈ હતી.

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર આડાના જંગલોમાં લાગેલી આગ અગમ્ય કારણોસર લાગતા ગ્રામજનો ભયભીત બની ગયા હતા. જ્યારે વન વિભાગના અધિકારીઓ આડાના જંગલમાં લાગેલી ભિષણ આગનું સાચુ કારણ શોધવા તજવીજ હાથ ધરી હતી. આગના લબકારા ૫ કિ.મી. સુધી દેખાતા આજુબાજુના ગામડાઓનો લોકો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

# શામળાજી પાસે એક કાર બીજી કાર ઉપર પડતા એકનુ મોત

## અકસ્માતમાં પાંચને ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડાયા

શામળાજી, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીક ખારી પાસે ગોઝારો અકસ્માત થયો હતો. જેમાં ફિગો કારના ચાલકે કાબુ ગુમાવતા ફીગો કાર હવામાં ફંગોળાઈ થઈ રહ્યા હતા ત્યારે રાજસ્થાન તરફથી આવતી ફોર્ડ ફીગો કાર (જીજે-૧આરઈ-૧૪૮૮) ના




(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

મંગળવાર સાંજના સમયે વધુ એક મારૂતિકાર પર ખાબકતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે પાંચ વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં શામળાજી રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

શામળાજી નજીક આવેલા ખારી પાસે મંગળવારે સાંજના સમયે રાજસ્થાન તરફી આવી રહેલી ફિગો કારના ચાલકે ગફલતભરી રીતે હંકારી પૂરઝડપે ચલાવતા ફિગોકાર હવાના ફંગોળાઈ પલટી જઈ અમદાવાદ તરફથી ઉદયપુર જઈ રહેલી મારૂતિજેન કાર પર ખાબકી હતી. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદના જગદીશભાઈ ગણેશભાઈ પટેલ પરિવાર સાથે મંગળવારે બપોરે મારૂતિ કાર (જીજે-૧-એચબી-૯૧૦૭) લઈ ઉદયપુર જવા નીકળ્યા હતા.

સાંજના સુમારે તેઓ શામળાજી ખારી નજીકથી પસાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં કાર પલટી ખાઈને રોડની સામેની બાજુ મારૂતિકાર ઉપર પડતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ફોર્ડ ફીગો કારમાં સવાર લલીત જૈન (અમદાવાદ)ને ગંભીર ઈજાઓ થતાં અમદાવાદની એપોલો હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનુ મોત નિપજ્યુ હતુ.

જ્યારે મારૂતિકારમાં બેઠેલા અન્ય બે વ્યક્તિઓને તેમજ ફીગો કારમાં બેઠેલા ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. તમામ ઈજાગ્રસ્ત પાંચેયત વ્યક્તિઓને નેશનલ હાઈવે પેટ્રોલિંગ વાન દ્વારા શામળાજી રેફરેલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસમાતના પગલે શામળાજી પોલીસે ફિગો કારના ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦